કન્યા સાક્ષરતા નિવાસી શાળા તલાલા, જિ. ગીરસોમનાથનું બાંધકામ કરવાની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૨૦૧૬/ન.બા.૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૪/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) કાર્યપાલક નિયામક (જી.એસ.ટી.ઈ.એસ.)નો તા.૨૯/૧૧/૨૦૧૬નો પત્ર નં. ટીડી/ઈએમઆરએસ/૨૦૧૬/૧૮૧૮/૨૨૦૦, તા:૩૦/૦૧/૨૦૧૭નો પત્ર નં. ટીડી/ઈએમઆરએસ/૨૦૧૬/૧૮૧૭/૨૫૪૩ તથા તા.૩૧/૦૩/૨૦૧૭ નો પત્ર નં: ટીડી/ઈએમઆરએસ/૨૦૧૬/૧૮૧૭/૨૯૨૬

## ઠરાવ:-

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તક ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે. આ શાળાઓનો મુખ્ય ઉદેશ્ય આદિજાતિની કન્યાઓના સાક્ષરતા દરમાં સુધારો લાવવાનો અને ડ્રોપ આઉટ અટકાવીને કન્યાઓનો અભ્યાસ પૂર્ણ કરાવવાનો છે. કન્યા સાક્ષરતા નિવાસી શાળામાં આદિજાતિ કન્યાઓને ગુણવત્તા સભર શિક્ષણ તેમજ દરેક પ્રકારની પ્રાથમિક જરૂરીયાત પુરી પાડવા માટે રહેઠાણ સુવિધાની સગવડ પુરી પાડવાની રહે છે. આમ સદરહુ શાળાના બાંધકામ માટે સોસાયટી દ્વારા ગવર્નિંગ બોડીમાં નિર્ણય લઈ મોડેલ શાળાની ગાઈડલાઈન મુજબ શાળાઓના બાંધકામ હેતુસર કન્યા સાક્ષરતા નિવાસી શાળા તલાલા, જિ. ગીરસોમનાથ ખાતે શાળાનું બાંધકામ કરવા માટે કાર્યપાલક નિયામકશ્રી (જી.એસ.ટી.ઈ.એસ.)એ વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષ માટે માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ રૂ.૩૦૦.૦૦ લાખની નવી બાબતનો સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે કન્યા સાક્ષરતા નિવાસી શાળા તલાલા, જિ. ગીરસોમનાથ ખાતે શાળાનું બાંધકામ કરવા માટેના કુલ અંદાજીત ખર્ચ રૂ. ૨,૮૨૬.૦૦ લાખની સામે માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ રૂ.૩૦૦.૦૦ લાખની સને ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં માં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રની જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા/અંદાજો રજુ કરી સક્ષમ અધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(3) બાંધકામના કામોમા P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતુ, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૦૪૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આ કામ માટે પ્રથમ ભારત સરકાર તરફથી મળનાર ગ્રાન્ટનો વપરાશ કરીને ત્યારબાદ બાકી રહેતી જરૂરિયાત અનુસાર રાજ્ય સરકારની ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય

સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૮૯-VKY-૧૫ ગુજરાત આદિજાતિ શૈક્ષણિક સોસાયટી (૨૮) ચિત્રાવાડ, તલાલા, જિ. ગીરસોમનાથ ખાતે કન્યા સાક્ષરતા નિવાસી શાળાના મકાન બાંધકામ કરવા માટેની નવી બાબત હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણાવિભાગની તા.૧૧/૦૪/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- કાર્યપાલક નિયામક (જી.એસ.ટી.ઈ.એસ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૯/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.